For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ક્ષત્રિય સમાજ હવે ભાજપ વિરુદ્ધ આકરાપાણીએ, ઠેરઠેર વિરોધ પ્રદર્શનો



## જામનગરમાં ભાજપના ઉમેદવારોનો વિરોધ તો જામખંભાળિયામાં 'ભાજપને મત નહીં'નો હુંકાર

ગાંધીનગર: પરસોતમ રૂપાલાનો વિરોધ કરતાં હવે ધીમે ધીમે ભાજપનો વિરોધ આક્રમક બની રહ્યો છે. રૂપાલાના વિરોધનો ભોગ ભાજપના ઉમેદવાર બની રહ્યાં છે. જામનગરમાં ભાજપના ઉમેદવાર પૂનમ માડમની સભામાં ક્ષત્રિયોએ વિરોધ પ્રદર્શન કર્યો હતો, અને રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા. રાજ્યભરમાં ક્ષત્રિયો હવે આક્રમક બન્યા છે. નારી અસ્મિતાના મુદ્દે કોઈપણ બાંધછોડ કરવા માંગતા નથી. હવે ક્ષત્રિય સમાજ ખુલીને ભાજપનો વિરોધ કરવા મેદાને પડ્યો છે. જામનગરમાં પૂનમ માડમની ચૂંટણી સભામાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવકો પહોંચી ગયા હતા, અને વિરોધ પ્રદર્શન કરી રૂપાલા હાય હાયના નારા લગાવ્યા હતા. આ વિરોધ પ્રદર્શન થતાં જ જાહેર સભામાં સન્નાટો છવાઈ ગયો હતો.

...અનુસંધાન પાના 5 પર

### ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ જામખંભાળિયા પહોંચ્યો

ક્ષત્રિય સમાજ દ્વારા કાઢવામાં આવેલા ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ આજે જામખંભાળિયા પહોંચ્યો હતો, ત્યારે મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો ઉમટી પડી ભાજપનો વિરોધ કર્યો હતો. સાથે જ ક્ષત્રિય સમાજ વાડીમાં મળેલી સમાજની બેઠકમાં સમાજના આગેવાન સંજયસિંહે ભાજપને મત નહીંનો હુંકાર કરીને ઉપસ્થિત તમામ ક્ષત્રિય સમાજના લોકોને ભાજપનો ખુલ્લો વિરોધ કરવા અને કોંગ્રેસને મત આપવા સોગંધ લેવડાવ્યા હતા. આમ હવે ક્ષત્રિય સમાજ ભાજપ સામે ખુલ્લો વિરોધ કરી રહ્યું છે. કોઈપણ સંજોગોમાં ભાજપને વોટ નહીં આપવા સમાજની સાથે અન્ય સમાજને પણ અપીલ કરી રહ્યા છે.

### રૂપાલાના વિરોધમાં ભાવનગરનું સોનગઢ ગામ સજ્જડ બંધ રહ્યું

પરસોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ માટે કરવામાં આવેલા વિવાદિત નિવેદન બાદ ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી કરી હતી, પરંતુ ભાજપ દ્વારા રૂપાલાની ટિકિટ રદ ન કરવામાં આવતા ક્ષત્રિય સમાજ ભાજપ વિરુદ્ધ મેદાને પડ્યો છે. જેના પગલે રાજ્ય સહિત દેશભરમાં ક્ષત્રિય સમાજ ભાજપનો ખુલ્લેઆમ

...અનુસંધાન પાના 5 પર

## ઓપરેશન ભાજપ, ક્ષત્રિયોએ અંબાજીથી વધુ એક અસ્મિતા ધર્મરથનું પ્રસ્થાન કરાવ્યું

**બનાસકાંઠા** અને સાબરકાંઠા જિલ્લામાં ફરીને લોકોને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા અપીલ કરાશે

**રાજકોટના** અસ્મિતા મહાસંમેલનના ઓડિયો રેકોર્ડિંગ સંભળાવી લોકોને ક્ષત્રિય સમાજના અપમાનનો બદલો લેવા આહવાન

ગાંધીનગર: પરસોતમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી સાથે ક્ષત્રિય સમાજે વિરોધ પ્રદર્શન કર્યો હતો, પરંતુ ભાજપ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવામાં નહીં આવતા ક્ષત્રિયો હવે ભાજપ વિરુદ્ધ મેદાને પડ્યા છે. ભાજપ વિરુદ્ધ મતદાન થાય તે માટે ક્ષત્રિય સમાજ દ્વારા વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો સાથેની રણનીતિ નક્કી કરવામાં આવી છે. જેમાં ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ હેઠળ આજે પવિત્ર યાત્રાધામ અંબાજીથી વધુ એક ધર્મરથનું પ્રસ્થાન કરાયું હતું. રૂપાલાના વિરોધથી શરૂ થયેલું આંદોલન હવે ભાજપના વિરોધમાં આગળ નીકળી ગયું છે. ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવા માટે માગણી કરવામાં આવી હતી. પરંતુ ભાજપે તે માગણી નહીં સ્વીકારતા ક્ષત્રિય સમાજમાં આક્રોશ ફેલાયો છે. સાથે જ હવે ભાજપ માટે પણ નારાજગી ઊભી થતાં ક્ષત્રિય સમાજ ભાજપથી દૂર જઈ લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા મેદાને પડ્યો છે. બીજી તરફ ભાજપ દ્વારા ક્ષત્રિયોને મનાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ ક્ષત્રિય સમાજ કોઈપણ સંજોગોમાં આ મામલે હવે પીછેહટ કરવા માંગતો નથી. આજે અંબાજીથી ક્ષત્રિય અસ્મિતા ધર્મરથનો પ્રારંભ થયો હતો. ગઈકાલે ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટથી

...અનુસંધાન પાના 5 પર

### છોટાઉદેપુરના વાસણા ગામે ક્ષત્રિય સમાજની બેઠક: ભાજપને ઘરે બેસાડવા રણનીતિ

રૂપાલાના વિરોધમાં રાજ્યભરમાં ઠેર ઠેર ક્ષત્રિય સમાજની બેઠકો, રેલીઓ, સભાઓ, ધર્મરથ દ્વારા ક્ષત્રિય સમાજના લોકો ભાજપનો વિરોધ કરી રહ્યાં છે. તેવામાં છોટાઉદેપુરના વાસણા ગામ ખાતે ક્ષત્રિય સમાજની એક બેઠક મળી હતી. આ બેઠક આખી રાત ચાલી હતી. આ બેઠકમાં છોટાઉદેપુર વડોદરા, દાહોદ, સહિતના વિસ્તારોના ક્ષત્રિય સમાજના યુવકો આગેવાનો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, તેઓએ ભાજપ વિરુદ્ધ મતદાન કરવા અપીલ કરી હતી. સમાજના અગ્રણીએ કહ્યું હતું કે સમાજ હવે જાગી ગયો છે. રૂપાલાને હવે કોઈપણ સંજોગોમાં માફી આપવાના મૂડમાં નથી. રૂપાલાની ટિકિટ ભાજપ દ્વારા રદ ન કરાતા હવે ભાજપે પણ

...અનુસંધાન પાના 5 પર

# રૂપાલા સામે વિરોધ, પણ ક્ષત્રિયો ભાજપ અને મોદીની સાથે છે: પાટીલનો દાવો

**સુરતમાં** સી.આર. પાટીલે દક્ષિણ ગુજરાતના 108 રાજપૂત આગેવાનો સાથે મીટિંગ કરી



સુરત: રૂપાલાના બફાટને કારણે ઊભો થયેલો ક્ષત્રિયોનો રોષ શમવાનું નામ લેતો નથી. સીઆર પાટીલની સાથે સાથે હર્ષ સંઘવી સહિતના આગેવાનો ડેમેજ કંટ્રોલ કરવા માટે પ્રયાસો કરી રહ્યા છે પરંતુ તેનો મેળ પડ્યો નથી. દરમિયાનમાં આજે ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે સુરત, નવસારી, બારડોલી સહીત દક્ષિણ ગુજરાતના ક્ષત્રિય આગેવાનો સાથે મીટિંગ કરી હતી અને

...અનુસંધાન પાના 5 પર

### નિલેશ કુંભાણી ભાજપમાં જોડાવવાના છે?એ સવાલના જવાબમાં પાટીલે માત્ર સ્મિત જ કર્યું

પત્રકાર પરિષદ દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને તાજેતરમાં જેનું ફોર્મ રદ થયું છે તેવા કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી ભાજપમાં જોડાવવાના છે? તેવો પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. આ પ્રશ્નના જવાબમાં સીઆર પાટીલે માત્ર સ્મિત જ કરી જવાબ આપવાનું ટાળ્યું હતું.

### પાટીલ સાથેની મીટિંગમાં સંકલન સમિતિના કોઈ આગેવાન હાજર નહોતા: દ.ગુ.ના ક્ષત્રિય આગેવાન

સીઆર પાટીલે કરેલી ક્ષત્રિયો સાથેની મીટિંગમાં રાજપૂત નહીં પરંતુ ભાજપૂત હાજર હતા તેવું સુરત ક્ષત્રિય સમાજના આગેવાન અને કરણીસેનાના પ્રમુખ ધીરેન્દ્ર સિંહે જણાવ્યું છે. આ મીટિંગમાં ક્ષત્રિયોની 92 સંસ્થાની બનેલી સંકલન સમિતિના કોઇ આગેવાન

...અનુસંધાન પાના 5 પર

### અમરેલીના કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની ધમકી બાદ કુંભાણીના ઘરે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

# મતદારોનો 'દ્રોહ' કરનાર કુંભાણીને હવે સરકારી 'પ્રોટેક્શન'



**કોંગ્રેસના** નેતાઓને કુંભાણી મળતા નથી, જ્યારે કુંભાણી અમદાવાદ હોવાનો પત્નીનો દાવો, ગાયબ થયેલો પરિવાર નાટકીય ઢબે ઘરે પરત ફર્યો

સુરત : લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ્દ થયાં બાદ નિલેશ કુંભાણી અને તેમનો પરિવાર સંપર્ક વિહોણા થઈ ગયો હતો. અમરોલીના કોંગ્રેસના નેતા પ્રતાપ દુધાતે કુંભાણીને ધમકી પણ આપી છે. આ ઉપરાંત પાટીદાર સમાજ તેમજ કોંગ્રેસના કાર્યકરોમાં પણ કુંભાણી સામે રોષની લાગણી જોવા મળી રહી છે. બે દિવસ પહેલા કુંભાણીના ઘરે ઘેરાવ કરીને ગદ્દારના બેનરો લાગ્યા હતા. જ્યારે આજે પણ 'ઓળખો આ ગદ્દારને 'લખેલા બનેર લાગ્યા છે. ત્યારે હવે 19 લાખ મતદારો તેમજ સમાજનો દ્રોહ કરનાર કુંભાણીને સરકાર જ પ્રોટેકશન આપી રહી હોય, તેમના સરથાણા ખાતેના નિવાસ્થાને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

### મારા પતિ નિલેશ કુંભાણી અમદાવાદ છે અને કોંગ્રેસ નેતાઓ સાથે સંપર્કમાં છે: નિલેશ કુંભાણીનાં પત્ની



લોકસભા 2024ના સુરત બેઠક માટે કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનુ ફોર્મ હાઈ વોલ્ટેજ રાજકીય ડ્રામા સાથે નાટકીય રીતે રદ્દ થયા બાદ કુંભાણી સામે રોષ ચમરસીમાએ છે. સામાન્ય મતદારો પણ પોતાનો મતાધિકાર છીનવાયો હોવાથી ગુસ્સામાં છે. તેથી કુંભાણી અને તેમનો પરિવાર ગાયબ થઈ ગયો હતો.

...અનુસંધાન પાના 5 પર

## કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીને 'લોકતંત્રનો હત્યારો' ચિતરતાં બેનર્સ લાગ્યાં

**સુરત** લોકસભાના 19 લાખ મતદારોના હકનો સોદો કરનારને ઓળખો અને જ્યાં પણ દેખાય તેને સવાલ કરીને સબક શીખવાડો તેવા લખાણ લખેલાં બેનર્સ મારી કોંગ્રેસના કાર્યકરો રોષ ઠાલવી રહ્યા છે

**બીજી** તરફ 'સુરતનો સારથી નિલેશ કુંભાણી' લખેલા બોર્ડ લોકશાહીની હાંસી ઉડાવતા હોય તેમ હજુ યથાવત્




(તસવીર : સતીષ જાદવ)

સુરત : સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ્દ થયા બાદ અન્ય ઉમેદવારોએ પણ ટપોટપ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિન હરીફ જાહેર થયા છે. જોકે નિલેશ કુંભાણીએ પ્રિ- પ્લાનથી ડ્રામા રચ્યો હોવાની ચર્ચા વચ્ચે પાટીદાર વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર સામે રોષનો માહોલ આકાર લઈ રહ્યો છે. બે દિવસ પહેલાં કુંભાણીના ઘરે બેનર સાથે વિરોધ કરાયો હતો તો આજે વરાછા વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર કુંભાણી વોન્ટેડના બેનરો લાગ્યા હતા.

વિસ્તૃત વિગતો મુજબ નિલેશ કુંભાણીવાળી ઘટનાથી કોંગ્રેસની આબરુનું સતત ધોવાણ થઈ રહ્યું છે. કાર્યકરોમાં રોષ ચરમસીમાએ છે, બીજી બાજુ કોંગ્રેસના મોટા નેતાઓ કુંભાણી સામે બોલવા તૈયાર નથી પરંતુ કાર્યકરોનો રોષ કોઇને કોઇ રીતે સપાટી પર આવી રહ્યો છે. બે દિવસ પહેલાં કોંગ્રેસના મહિલા કાર્યકરો અને અન્ય આગેવાનોએ નિલેશ કુંભાણી ગદ્દાર છે તેવા બેનર સાથે કુંભાણીના ઘર પર વિરોધ કર્યો હતો. જ્યારે આજે વરાછા વિસ્તારમાં આપ ના

...અનુસંધાન પાના 5 પર

### જેઇઇ મેઇન-2ની પરીક્ષામાં ફરી સુરતના ઉમેદવારો ઝળક્યા

## તબીબ દંપતીનાં બાળકોએ ઈજનેરીમાં મેદાન માર્યું

# ગુજરાતી માધ્યમનો આર્જવ દેસાઈ અને અંગ્રેજી માધ્યમની મનવી મહેતા શહેરમાં પ્રથમ

**મનવી** મહેતાનો સુરતમાં રેન્ક વન અને દેશમાં 67મા ક્રમે

સુરત: દેશભરની પ્રતિષ્ઠિત ઈજનેરી કોલેજોમાં એડમિશન માટે લેવાતી જેઈઈ મેઈન-2નું પરીક્ષાનું આજે ઓનલાઈન પરિણામ જાહેર થયું છે. આ પરીક્ષાને લઈને સુરતના વિવિધ સ્કૂલ કેમ્પસ અને કોચિંગ કલાસીસમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ઈજનેરી સંસ્થાઓના એડમિશન માટેની આ પરીક્ષામાં પીપીસવાણી સ્કૂલના એક ગરીબ પરિવારના બાળકે મેદાન મારી લીધું છે. જ્યારે શહેરના

...અનુસંધાન પાના 5 પર

### પી.પી. સવાણીનો આર્જવ દેસાઈ હોસ્ટેલમાં રહીને શ્રેષ્ઠ પરિણામ લઈ આવ્યો



પી.પી.સવાણી સ્કૂલનું જેઇઇ મેઈનનું ઐતિહાસિક પરિણામ આવ્યું છે. ગુજરાતમાં સૌપ્રથમવાર પી.પી.સવાણી સ્કૂલના ગુજરાતી મીડિયમના વિદ્યાર્થી આર્જવ શ્રેય દેસાઈએ ૯૯.૯૯ PR મેળવી

...અનુસંધાન પાના 5 પર

### IITમાં કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં કેરિયર બનાવવા માંગે છે મનવી મહેતા



સુરતની મનવી ધર્મેશ મહેતાએ JEE મેઇન પરીક્ષામાં 67મો નેશનલ ક્રમ મેળવી સુરત અને રાજ્યમાં સુરતનું નામ રોશન કર્યું છે. મનવી મહેતાના પિતા ડો.ધર્મેશ મહેતા સુરત મહાનગર પાલિકા સંચાલિત મસ્કતિ હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. જ્યારે તેની માતા ડો.ચૈતાલી મહેતા પાલિકાની સ્મીમેર હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. મનવીની મોટી બહેન

...અનુસંધાન પાના 5 પર









...તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ...

અમારા પ્રેમાળ ભાઈશ્રી/મામાશ્રીને તૃતીય પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ.

આપ અત્મા સ્વરૂપે જ્યાં હો ત્યાં પ્રભુ તમને સુખ, શાંતિ આપે એજ અમારા સૌની પ્રભુને પ્રાર્થના.

સ્વ. હરેન્દ્રસિંહ મોતીસિંહ અટોદરીયા
સ્વ. તા. ૨૭.૦૪.૨૦૨૧

લિ.
નટવરસિંહ બી. મહિડા | નીરૂબા એન. મહિડા
રાજેન્દ્રસિંહ એન. મહિડા | ભૂમિકાબેન આર. મહિડા
વિરેન્દ્રસિંહ કે. મહિડા (જ.સા.) હેમાબેન વી. મહિડા
ડૉ. વિરેન્દ્રસિંહ એન. મહિડા
રસિકબા હિમ્મતસિંહ રાઓલ
દિલહરબા દોલતસિંહ છાસટીયા

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

### બેસણું/ઉત્તરક્રિયા



સ્વ. ભીખુભાઈ વલ્લભભાઈ રાઠોડ
જ.તા. ૧૨/૦૯/૧૯૫૦ મંગળવાર
સ્વ. તા. ૨૦/૦૪/૨૦૨૪ શનિવાર

અતિ દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાજી શ્રી ભીખુભાઈ વલ્લભભાઈ રાઠોડ (નિવૃત્ત શિક્ષક, સમાજસેવક, ભજનિક) નું તા. ૨૦/૦૪/૨૦૨૪ ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. એમનું બેસણું તા. ૨૮/૦૪/૨૦૨૪ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સદગતની ઉત્તરક્રિયા
તા. ૧/૦૫/૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.
લૌકિક રિવાજ બંધ છે

લિ. શોકાતુર
નિલેશ ભીખુભાઈ રાઠોડ (પુત્ર)
ગં.સ્વ.ગંગાબેન ભીખુભાઈ રાઠોડ (પત્ની)
ભગુભાઈ વલ્લભભાઈ રાઠોડ (ભાઈ)
પુષ્પા નિલેશ રાઠોડ (પુત્રવધૂ- U.S.A)
કાવ્યા નિલેશ રાઠોડ (પૌત્રી- U.S.A.)
નીવ નિલેશ રાઠોડ (પૌત્ર- U.S.A.)
સેજલ કપિલદેવ સુરતી (પુત્રી-કેનેડા)
કપિલદેવ કાંતિલાલ સુરતી (જમાઈ-કેનેડા)
જહાન કપિલદેવ સુરતી (દોહિત્ર-કેનેડા)

સ્થળ: મુ.પો. વાંકાનેર, માહ્યવંશી મહોલ્લો, હાઈસ્કૂલની પાછળ, તા. બારડોલી, જિ. સુરત.

### અનાવિલ અવસાન – બેસણું



સ્વ. કમુબેન મગનભાઇ દેસાઇ
સ્વ. તા. ૨૫/૦૪/૨૦૨૪
(ઉંમર : ૧૦૧ વર્ષ પૂરા - દિહેણ - સુરત)

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી કમુબેન મગનભાઈ દેસાઈ (દિહેણ, હાલ સુરત)નું દુ:ખદ અવસાન ૧૦૧ વર્ષની જૈફ વયે ગુરૂવારને તા.૨૫/૦૪/૨૦૨૪ રોજ થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.


સદ્‌ગતનું સંયુકત બેસણું રવિવારને તા. ૨૮/૦૪/૨૦૨૪ ના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન બીજે માળે, સંસ્કાર ભવન, દયાળજી આશ્રમ, મજુરાગેટ, સુરત ખાતે રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

સ્વ. વિશાખાબેન મુકુંદરાય દેસાઇ (પુત્રવધુ) - મુકુંદરાય મગનભાઇ દેસાઇ (પુત્ર)
ગીતા (સુષ્મા)બેન સતિષભાઇ દેસાઇ (પુત્રવધુ) - સ્વ. સતિષભાઇ મગનભાઇ દેસાઇ (પુત્ર)
હેતલ મોનીશભાઇ દેસાઇ (પૌત્રવધુ) - મોનીશ મુકુંદરાય દેસાઇ (પૌત્ર)
અંકિતા હાર્દિકભાઇ દેસાઇ (પૌત્રવધુ) - હાર્દિક સતિષભાઇ દેસાઇ (પૌત્ર)
સુનીલભાઇ સુમંતરાય નાયક (પૌત્રીજમાઇ) - પ્રતિક્ષા સુનીલભાઇ નાયક (પૌત્રી)
ગૌરવભાઇ હેમંતભાઇ દેસાઇ (પૌત્રીજમાઇ) - યેશા ગૌરવભાઇ દેસાઇ (પૌત્રી)
દિયા, વેદ, આંયા, નાવ્યા, શિયોના, કરિશ્મા, વિહા

પિયરપક્ષ : સ્વ. શ્રી ધીરૂભાઈ ભીખાભાઈ દેસાઈ પરીવાર - ગામ : દિહેણ, તા. ઓલપાડ, જી. સુરત.

નિવાસસ્થાન : ૪૦૩, શુભમ રેસીડન્સી, પાલ આર.ટી.ઓ.ની સામે, પાલ, સુરત.

### દશમી માસિક હૃદયાંજલિ



સ્વ. જયંતિભાઈ બાલુભાઈ આહિર
સ્વ. તા. ૨૬/૦૬/૨૦૨૩ (સોમવાર) અષાઢ સુદ આઠમ

કાયમ હસતો ચહેરો રાખી અથાક પરિશ્રમ કરી હંમેશા લોકસેવા અને સમાજ સેવા માટે તત્પર એવા આપની ખોટ કદી પૂરાશે નહીં આપ સદાય અમારા માર્ગદર્શક બનીને સાચો માર્ગ બતાવતા રહેશો અને નીતિ શકિત રૂપે અમ જીવનમાં સદાય રહેશો. પરમકૃપાળુ પરમાત્મા આપના પરોપકારી દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના. ૐ શાંતિ...ૐ શાંતિ...ૐ શાંતિ...

લિ.
સ્વ. અ.સૌ. લક્ષ્મીબેન જયંતિભાઈ આહિર (પત્ની)
સ્વ. સુરેશભાઈ (KALI) જયંતિભાઈ આહિર (પુત્ર)
પ્રજિતભાઈ સુરેશભાઈ આહિર (પૌત્ર)
નવીનભાઈ (લાલો) જયંતિભાઈ આહિર (પુત્ર)
વલ્લભભાઈ બાલુભાઈ આહિર (ભાઈ)
સહપરિવારજનોના 'જય શ્રીકૃષ્ણ'

'શિવસદન' બંગલો, શ્રી ઈચ્છાનાથ મહાદેવ મંદિર પાછળ, SVNIT કોલેજની સામે, સુરત-ડુમસ રોડ, ઉમરા, સુરત.